# એમપીએસઈઝેડ યુટિલિટીઝ લિમિટેડ

## જાહેર સૂચના
## ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ

નિમ્નલિખિત સંદર્ભમાં

એમપીએસઈઝેડ યુટિલિટિઝ લિમિટેડ (એમયુએલ), અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ. જી. હાઈવે, ખોડિયાર, અમદાવાદ - ૩૮૨૪૨૧ દ્વારા ડીઝાઈન, બિલ્ડ, ફાયનાન્સ, ઓઉન એન્ડ ઓપરેટ (ડીબીએફઓઓ) આધારે સ્થાપિત કરાયેલા પાવર સ્ટેશન્સ પાસેથી લાંબા ગાળા માટે ૨૦૭૭ મેગા વોટ પાવરના પ્રોક્યોરમેન્ટ માટે વીજળી મંત્રાલયની તારીખ ૦૬.૦૩.૨૦૧૯ની માર્ગદર્શિકાઓ મુજબ, મોડલ બિડિંગ ડોક્યુમેન્ટ્સ અન્વયેના પાવર પરચેઝ ક્વોન્ટમ અને વિચલનોની બહાલી માટે ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ અરજી નં. ૨૧૯૯/૨૦૨૩ કરવામાં આવી છે.

**અરજદાર**

૧. આદરણીય જીઈઆરસીના તારીખ ૨૪.૦૭.૨૦૨૩ના દૈનિક આદેશ અન્વયે આથી જાહેર જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજી સામે પોતાના મંતવ્યો / ટીપ્પણીઓ / વાંધા / સૂચનો રજૂ કરવા ઈચ્છતી વ્યક્તિઓએ સેક્રેટરી, ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (જીઈઆરસી) સમક્ષ, છઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન ૫, ગિફ્ટ સિટી, ગાંધીનગર – ૩૮૨૩૫૫ ખાતે આ નોટીસ પ્રકાશિત થયાના ૧૫ દિવસમાં, તેઓ જેના ઉપર આધાર રાખવા ઈચ્છતા હોય તે દસ્તાવેજો સાથે પાંચ નકલમાં અને તેના સમર્થનમાં યોગ્ય રીતે તૈયાર કરેલી એફિડેવિટ સાથે રજૂ કરવાના રહેશે તેમજ તેઓ રૂબરૂમાં રજૂઆત કરવા ઈચ્છતા હોય તો એની પણ જાણ કરવાની રહેશે. આવી રજૂઆતની એક નકલ એમપીએસઈઝેડ યુટિલિટીઝ લિમિટેડની અહીં નીચે દર્શાવ્યા મુજબના સરનામે આવેલી રજીસ્ટર્ડ ઓફિસ ખાતે પણ મોકલવાની રહેશે.

૨. રસ ધરાવતી વ્યક્તિઓના સંદર્ભ માટે, પિટિશનની એક નકલ જોવા માટે એમપીએસઈઝેડ યુટિલિટિઝ લિમિટેડની નીચે દર્શાવ્યા મુજબના સરનામે આવેલી રજીસ્ટર્ડ ઓફિસ ખાતે પ્રાપ્ય છે.

૩. ઉપર દર્શાવ્યા મુજબની પિટિશનની ઈલેક્ટ્રોનિક કોપી વેબસાઈટ www.adanitransmission.com ઉપર પ્રાપ્ય છે.

**એમપીએસઈઝેડ યુટિલિટીઝ લિમિટેડ વતી**
સહી
વ્હોલ ટાઇમ ડાયરેક્ટર

**રજીસ્ટર્ડ ઓફિસ:** અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ. જી. હાઈવે, ખોડિયાર, અમદાવાદ - ૩૮૨૪૨૧, ગુજરાત, ભારત.
**ફોન:** +૯૧-૭૯-૨૫૫૫ ૭૩૩૪ | **ફેક્સ:** +૯૧-૭૯-૨૫૫૫ ૬૦૯૯